# ચૌદમી ગુજરાત વિધાનસભા
## દિવસના કામકાજની યાદી

**બીજું સત્ર**

**બુધવાર, તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮**
**પહેલી બેઠક**
**સવારના ૯–૩૦ થી બપોરના ૨–૦૦ વાગ્યા સુધી**

**૧. પ્રશ્નોત્તરી**

**(ક) તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ–ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, કલાઈમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, તમામ નીતિઓ અને કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો

(૨) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નાણાં, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના

(૩) માનનીય કૃષિ, ગ્રામ વિકાસ, મત્સ્યોદ્યોગ, વાહન વ્યવહાર મંત્રીશ્રી

(૪) માનનીય ઉર્જા મંત્રીશ્રી

(૫) માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટીર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી

(૬) માનનીય પાણી પુરવઠા, પશુપાલન, ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી

(૭) માનનીય પોલીસ હાઉસીંગ, બોર્ડર સિકયુરિટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો)

(૮) માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો)

(૯) માનનીય સહકાર, રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો)

**(ખ) અતારાંકિત પ્રશ્નોત્તરી**

પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી, અગિયારમી, બારમી, તેરમી, ચૌદમી, પંદરમી અને સોળમી અતારાંકિત યાદી

**૨. જાહેર અગત્યની બાબત પર માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનું નિવેદન (નિયમ–૪૪)**

**૩. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

સન–૨૦૧૮નો વટહુકમ ક્રમાંક–૧–સન–૨૦૧૮નો ગુજરાત નગરપાલિકા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**.... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

**૪. કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલની રજૂઆત.**

**......માનનીય અધ્યક્ષશ્રી**

**૫. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

‘‘ આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.’’

**૬. વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો**

(૧) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૫૨(૨) અન્વયેનો માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલાનો પ્રસ્તાવ.

‘‘ આ સભાગૃહ, સન ૨૦૧૮નો વટહુકમ ક્રમાંક–૧– સન ૨૦૧૮નો ગુજરાત નગરપાલિકા (સુધારા) વટહુકમ નામંજૂર કરે. ’’

(ખ) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૮–સન ૨૦૧૮નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક
**........**દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન.

**.... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૨) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪૦–સન ૨૦૧૮નું ફોજદારી કાયદો (ગુજરાત સુધારા) વિધેયક
**..........**દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન.

**.... માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા**

(૩) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૯–સન ૨૦૧૮નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક
**..........**દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન.

**.... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૪) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૭–સન ૨૦૧૮નું ગુજરાત માલિકી ફલેટ (સુધારા) વિધેયક
**..........**દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન.

**.... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

## બીજી બેઠક

## બપોરના ૩–૦૦ થી સાંજના ૭–૩૦ વાગ્યા સુધી

**૧. પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય શિક્ષણ(પ્રાથમિક, માધ્યમિક, પ્રોઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌ–સંવર્ધન, નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી

(૩) માનનીય આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી

(૪) માનનીય શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી

(૫) માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા (અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) મંત્રીશ્રી

(૬) માનનીય પંચાયત, પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

**૨. મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવને રજૂ કરવા માટે સભાગૃહે પરવાનગી આપવા બાબત (નિયમ–૧૦૬)**

**માનનીય સભ્યશ્રી શૈલેષ પરમારના નીચેના પ્રસ્તાવને રજૂ કરવાની સભાગૃહે પરવાનગી આપવા બાબત**

"આ સભાગૃહ, વર્તમાન મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરે છે"

**૩. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) (ક) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૬–૧૭ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર ક્ષેત્રના ઉપક્રમો) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૬–૧૭ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૬–૧૭ના વર્ષનો ઓડિટ અહેવાલ (સ્થાનિક સંસ્થાઓ) (અંગ્રેજી તથા ગુજરાતી)

**.... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૨) ગુજરાત સ્ટેટ એવીએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.......માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

(૩) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.......માનનીય વન મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા**

(૪) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.......માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા**

(૫) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**.... માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૬) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.......માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી આર.સી. ફળદુ**

(૭) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.......માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા**

(૮) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૮–૧૯ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૭–૧૮ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર.

**.......માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

(૯) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૭નો વાર્ષિક અહેવાલ

**.......માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૧૦)ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન

**.......માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૧૧) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ

**.......માનનીય રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૧૨)ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.......ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૩)દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.......ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૪) આલ્કોક એશડાઉન (ગુજરાત)લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**.......ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૫) ગુજરાત રાજ્ય માહિતી આયોગનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**.......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૧૬) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ

**.......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૧૭) ગુજરાત રાજ્યના લોકાયુક્તના સન ૨૦૦૩–૨૦૧૪નો એકત્રિત અહેવાલ, ૨૦૧૪–૨૦૧૫, ૨૦૧૫–૨૦૧૬, ૨૦૧૬–૨૦૧૭ અને ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક અહેવાલો તથા સ્પષ્ટીકરણાત્મક આવેદનો તેમજ સન ૨૦૧૭–૧૮ સિવાયના તમામ ઉક્ત અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું સંયુક્ત નિવેદન.

**.......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૧૮) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૬–૨૦૧૭નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**....ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૯) ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

**.......ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૨૦) માંડલ–બેચરાજી સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

**.......ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૨૧) ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**.......ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીયશ્રી મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૨૨) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ના વર્ષ દરમ્યાન સરકારે આપેલી બાંયધરીની વિગતો દર્શાવતું પત્રક–૧

(ખ) બાંયધરી આપનારની રૂએ સંસ્થા વતી નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન સરકારે ચુકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક–૨

(ગ) બાંયધરી આપનારની રૂએ સંસ્થા વતી અગાઉના વર્ષોમાં ચુકવેલ રકમની નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન સંસ્થાઓ પાસેથી કરેલ વસુલાતોની વિગતો દર્શાવતું પત્રક–૩.

**.......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૨૩) ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩ અન્વયેનું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા. ૧૪/૦૩/૨૦૧૮નું જાહેરનામું ક્રમાંક: જીએચયુ–૨૦૧૮–૧૭–જીઆરસી–૧૫–૨૦૧૬–૨૨૬૭–કે.

**.......માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૨૪) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા. ૭–૮–૨૦૧૮નું જાહેરનામા ક્રમાંક–જીએચયુ– ૨૦૧૮–(૫૫)– જીયુવી– ૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ ફાઈલ)

**....માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૨૫) સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના

(૧) તા.૧૮–૯–૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક–જીટીએચ/૨૦૧૭/૨૩/પીડીએસ/૧૦૨૦૧૬/૨૫૭૨/ક–૧

(૨) તા.૧૬–૧–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–જીટીએચ/૨૦૧૮/૨/પીડીએસ/૧૦.૨૦૧૬/૨૦૮૫/ક–૧

(૩) તા.૧૦–૫–૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક–જીટીએચ/૨૦૧૮/૧૪/પીડીએસ/૧૦૨૦૧૮/૧૭૫/સી–૧

તેમજ ઉકત ક્રમાંક–(૧) અને (૨) પરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા**

**૪. અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં**

તેરમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક– ૨૮ અને અગિયારમા સત્રમાં પસાર કરેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૩૦ તથા ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૮નાં વિધેયક ક્રમાંક–૨૫, ૨૬, ૨૮, ૨૯ અને ૩૫ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં.

**...સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

**૫. સભ્યશ્રીના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (નિયમ–૨૬૯)**

**૬. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

(૧) જાહેર સાહસો માટેની સમિતિના પહેલા, બીજા અને ત્રીજા અહેવાલની રજૂઆત

**.......સમિતિના માનનીય પ્રમુખશ્રી બાબુભાઈ બોખીરીયા/સભ્યશ્રી**

(૨) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

**.......સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશભાઈ રાવલ/સભ્યશ્રી**

૭. **સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશભાઈ રાવલ/સભ્યશ્રીનો પ્રસ્તાવ**

‘‘આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય. ’’

૮. **સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪૨–સન ૨૦૧૮નું ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી વિધેયક

..........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન.

**.... માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

(૨) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪૧–સન ૨૦૧૮નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક

..........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન.

**.... માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

૯. **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):**
**માનનીય સભ્યશ્રી મહેશકુમાર રાવલનો પ્રસ્તાવ:**

**૬૦ મિનિટ**

પછાતવર્ગો માટેના રાષ્ટ્રીય કમિશનની રચના "ધ નેશનલ કમિશન ફોર બેકવર્ડ કલાસીસ એક્ટ ૧૯૯૩" હેઠળ થયેલ છે પરંતુ આ કમિશનની પાસે પછાતવર્ગોની જાતિઓની યાદીમાં કોઈ જાતિનો ઉમેરો કરવાની કે કોઈ જાતિને કમી કરવાની એટલે કે દૂર કરવાની ભલામણ કરવા સિવાય વિશેષ સત્તા નથી.

સદરહુ કમિશનને વિશાળ સત્તાઓ પ્રાપ્ત થાય તે હેતુથી ભારત સરકાર દ્વારા બંધારણમાં સુધારો કરી કમિશનને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે. ભારતના બંધારણમાં અનુચ્છેદ ૩૩૮બી નવો ઉમેરવામાં આવ્યો છે અને તે હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકો માટે " નેશનલ કમિશન ફોર બેકવર્ડ કલાસીસ"ના નામે કમિશનની રચનાની જોગવાઈ કરાઈ છે.

આ કમિશન "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો" માટે જોગવાઈ કરેલ તમામ બાબતોનું અન્વેષણ અને મૂલ્યાંકન તેઓની સલામતી અને આર્થિક વિકાસ અંગે સલાહ આપવી તેમજ સંસદે ઘડેલા અન્ય કાયદાઓની જોગવાઈને આધીન રહીને નિયમોથી નિર્દિષ્ટ કરે તેવા પછાત વર્ગોના રક્ષણ માટે કાર્ય કરશે. આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારો આવા પછાત વર્ગોને અસર કરતી હોય તેવી નીતિ વિષયક બાબતો પરત્વે કમિશન સાથે પરામર્શ કરશે.

આમ પછાતવર્ગોના ઉત્કર્ષ અને તેઓને ન્યાય આપવા આયોગને સંવિધાનિક દરજ્જો આપતો કેન્દ્ર સરકારે જે નિર્ણય લીધો છે તેને ધ્યાને લઈને રાજ્યમાં પણ પછાતવર્ગોના ઉત્કર્ષ માટે જરૂરી પગલાં લેવા આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

૧૦. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવા.

**........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

# ચૌદમી ગુજરાત વિધાનસભા
## દિવસના કામકાજની યાદી

**બીજું સત્ર**
**પુરવણી**

**બુધવાર, તા.૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮**
**પહેલી બેઠક**
**સવારના ૯–૩૦ થી બપોરના ૨–૦૦ વાગ્યા સુધી**

**બુધવાર તારીખ : ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના દિવસના કામકાજની યાદીમાં નીચેની બાબત ઉમેરવી.**

સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪૩–સન ૨૦૧૮નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાને લગતા કાયદા (સુધારા) વિધેયક

..........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન.

.... માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮**